# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/022 Dt. 28/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સિદ્ધિ વિનાયક નોટ્સ એન્ડ પ્રિન્ટ્સ પ્રા.લિ., લક્ષ્મીપતિ સારીઝ, શ્રીજી ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મિલ્સ પ્રા.લિ. અને જેબી ઇકોટેક્ષ લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી

### ઇન્ડસ્ટ્રીયલ વિઝીટસ ઉદ્યોગકારો અને સંસ્થાઓ વચ્ચે સીધા સંપર્ક ઉભા કરે છે અને આવી રીતે ચેમ્બરના 'ઇન્ડસ્ટ્રી ફર્સ્ટ' દૃષ્ટિકોણને વધુ બળ મળે છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે જૂન મહિનામાં સુરતના ઉદ્યોગક્ષેત્રમાં નવીનતા, ટેકનોલોજી અને ઉત્પાદન પ્રક્રિયાની નજીકથી ઓળખ મેળવવા અને સ્થાનિક ઉદ્યોગકારો સાથે સંવાદ સ્થાપવા માટે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સિદ્ધિ વિનાયક નોટ્સ એન્ડ પ્રિન્ટ્સ પ્રા. લિ., લક્ષ્મીપતિ સારીઝ, શ્રીજી ડાઇંગ એન્ડ પ્રિન્ટિંગ મિલ્સ પ્રા. લિ. તેમજ જેબી ઇકોટેક્ષ લિમિટેડ જેવા જાણીતા ઉદ્યોગ સંસ્થાઓની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વિઝીટ દરમિયાન ટેક્ષ્ટાઇલ મેન્યુફેકચરિંગની આધુનિક યાંત્રિક પ્રોસેસ, વિવિધ પ્રકારની પ્રિન્ટિંગ ટેકનિકસ જેવી કે સ્ક્રીન અને ડિજિટલ પ્રિન્ટિંગ તેમજ તેમાં ઉપયોગમાં લેવાતી વૈશ્વિક સ્તરની ટેકનોલોજી વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. ખાસ કરીને દરેક યુનિટમાં કાચા માલના પ્રવેશથી લઈને ફાઈનલ પ્રોડકટ તૈયાર થવાની સમગ્ર પ્રક્રિયા વિષે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે માહિતી મેળવી હતી.

આ ઉપરાંત, ઉદ્યોગો કેવી રીતે પાણીનો પુનઃઉપયોગ કરે છે, ઔદ્યોગિક વેસ્ટને યોગ્ય રીતે સંભાળે છે અને એન્વાયરમેન્ટલ નોર્મ્સનું પાલન કરે છે તે બાબતે પણ પ્રતિનિધિઓએ ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. સાથે સાથે કેટલાક યુનિટસમાં સોલાર એનર્જી, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ પ્લાન્ટ અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટેના પ્રેરણાદાયક પ્રયાસો વિષે જાણવા મળ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે અનુભવ્યું હતું કે સુરતના ઉદ્યોગકારો માત્ર ઉત્પાદન પૂરતું નથી પણ ગ્લોબલ માર્કેટમાં ટકાવી શકે તેવી ગુણવત્તા અને પર્યાવરણ જાળવણીની લાગણી સાથે ઉદ્યોગ ચલાવે છે, જે સુરતની ઉદ્યોગસર્જકતા અને ટેકનોલોજીકલ અવેરનેસનું ઉત્તમ પ્રતિબિંબ છે. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમ્યાન આ ઉદ્યોગોને ઔદ્યોગિક ક્ષેત્રે સરાહનીય યોગદાન માટે અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યમાં ઉદ્યોગ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સહયોગની ભાવના વ્યક્ત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટસ ઉદ્યોગકારો અને સંસ્થાઓ વચ્ચે સીધા સંપર્ક ઉભા કરે છે અને આવી રીતે ચેમ્બરના 'ઇન્ડસ્ટ્રી ફર્સ્ટ' દૃષ્ટિકોણને વધુ બળ મળે છે. ચેમ્બર ઉદ્યોગકારો માટે માત્ર પ્લેટફોર્મ પૂરતું નથી, પરંતુ એના મારફતે જ્ઞાન, નવી દિશા અને સહભાગિતાનો રસ્તો ખુલ્લો કરે છે. આ વિઝીટ્સ નોલેજ શેરિંગ, નેટવર્કિંગ અને સહયોગી વિકાસના નવા દ્વાર પણ ખોલે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સુરત ટેક્ષ્ટાઇલ, પ્રિન્ટિંગ અને ડાઈંગ જેવા ક્ષેત્રોમાં આગવી ઓળખ ધરાવે છે અને અહીંના ઉદ્યોગકારો વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા જાળવી રાખવા સતત નવી ટેકનોલોજી અપનાવી રહ્યા છે. ચેમ્બર એમના પ્રયાસોને યોગ્ય ફોરમ અને મંચ પૂરો પાડી એમના વિકાસયાત્રામાં સહભાગી બનવા માટે કટિબદ્ધ છે.